# પ્રકરણ : ૧


## અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનો જીવનસંદર્ભ

*" અનિરુદ્ધભાઈ માટે મારે ૪ જ શબ્દ વાપરવાના હોય તો કહું:*

*"અધ્યયનનિષ્ઠ વિચારશીલ પ્રકૃતિનો જીવ."*

*- સુમન શાહ (સાહિત્ય સાહિત્ય પાં.૩૬ )*

" અનિરુદ્ધ એટલે સદાય અક્ષરની સૃષ્ટિમાં જીવતો,શ્વસતો અને પ્રફુલ્લ રહેતો લીલોછમ આદમી." - *કૃષ્ણવીર દીક્ષિત ( ઋષિતર્પણ પૃ.૭)*



**બ્રહ્મભટ્ટ અનિરુદ્ધ લાલજીભાઈ- યોગેશ જોષી( ગુજરાતી વિશ્વકોશ, gujarativishawakosh.org**

ગુજરાતી સાહિત્યની સમૃદ્ધિમાં અનેક સર્જક-વિવેચકોનું યોગદાન રહ્યું છે. પ્રાચીનકાળથી જ સાહિત્ય પ્રવૃત્તિ થતી રહી છે. પરંતુ આપણે સુધારકયુગથી જોઈએ તો નર્મદ દ્વારા આરંભાયેલી સર્જન-વિવેચન યાત્રા આજ સુધી નવા પરિમાણો પ્રાપ્ત કરીને વિસ્તરતી રહી છે. ગુજરાતી સાહિત્ય પરંપરામાં પોતાની પ્રતિભા અને આગવી શૈલીના બળે યોગદાન આપી આ પરંપરાને સમૃદ્ધ કરી છે. અનેક સર્જકો આવ્યા, પોતાનું યોગદાન આપ્યું અને કાળના પ્રવાહમાં અસ્ત પામ્યા પરંતુ તેમની સર્જનયાત્રાના ફળરૂપે કેટલુંક મૂલ્યવાન સાહિત્ય પ્રાપ્ત થયું છે, જે કાળના પ્રવાહમાં ટકી રહેવાનું સામર્થ્ય ધરાવે છે. દરેક સર્જકનું આગવું વિશ્વ તેમના સર્જન દ્વારા પ્રતીત થાય છે. કેટલાંક સર્જકો જેવા કે મણિલાલ દેસાઈ, કવિ કલાપી, બાલાશંકર કંથારિયા, હરિશચંદ્ર ભટ્ટ, રાવજી પટેલ કે જેમનું જીવન ઘણું ટૂંકું રહ્યું પરંતુ તેમનાં સાહિત્ય સર્જનની ગુણવત્તાને લીધે આજે પણ સર્જકોની આગલી હરોળમાં તેમનું સ્થાન રહ્યું છે. અહીં જે સર્જકના જીવન વિશે ચર્ચા કરવાનો મારો ઉપક્રમ છે તે 'અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ' કે જેમનું જીવન પણ અલ્પ છતાં ગુજરાતી સાહિત્યમાં પોતાની સર્જક-વિવેચક પ્રતિભાના બળે કેટલુંક નોંધપાત્ર અને મહત્ત્વનું કાર્ય કર્યું છે.

### જન્મ, ઉછેર-ઘડતર :

૧૧ મી નવેમ્બર ઈ. સ. ૧૯૩૭ માં પાટણમાં અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનો જન્મ થયો હતો. કવિ, વાર્તાકાર, નિબંધકાર, વિવેચક અને સંપાદક, અનુવાદક તરીકે ગુજરાતી સાહિત્યમાં યોગદાન આપ્યું છે. એમનું વતન વીરમગામ તાલુકામાં આવેલું દેત્રોજ ગામ. એક મધ્યમવર્ગીય કુટુંબમાં તેમનો જન્મ થયો હતો. પિતા લાલજીભાઈ નારાયણજીભાઈ ભટ્ટ, તેઓ પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકેની નોકરી કરતાં હતા. માતાનું નામ લક્ષ્મીબેન હતું. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના જીવન ઘડતરમાં કુટુંબનો ફાળો વિશેષ રહેલો છે.

પોતાના પરિવારના સંસ્કારો બાળકને ગળથૂથીમાં મળતાં હોય છે અથવા એમ કહીએ કે બાળક પરિવાર પાસેથી ઘણું બધુ શીખે છે. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના જીવન ઘડતરમાં પણ ઘરનાં વાતાવરણનો ફાળો વિશેષ રહ્યો છે. તેમના પિતા લાલજીભાઈ નારાયણજી બ્રહ્મભટ્ટનો સંસ્કૃત ભાષા અને સાહિત્ય સાથે લગાવ હતો, તેમણે સંસ્કૃત શ્લોકો અને સ્તવનોના અનુવાદ પણ કરેલા. ઘરમાં નિત્ય પૂજા-અર્ચના થતી. તેમની માતાના સ્વભાવ વિશે યોગેશ જોષીએ નોંધ્યું છે કે "માતા ખૂબ પ્રેમાળ, અત્યંત ચીવટવાળા, જૂનવાણી અને કડક સ્વભાવના, એમનો પ્રેમાળ અને ચીવટવાળો સ્વભાવ અનિરુદ્ધ બ્રહ્મભટ્ટને વારસામાં મળેલો."[૧] માતા પિતાના સંસ્કારનો વારસો અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના જીવનને સંસ્કારતો રહ્યો, પિતાની મેઘાવીબુદ્ધિ, વાંચન પ્રત્યેની રુચિ અને માતાના પ્રેમાળ સ્વભાવથી અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનું વ્યક્તિત્વ ઘડાયુ હતું. નાનપણથી જ જીવન સંઘર્ષોનો સામનો કરવો પડ્યો હતો. નાનપણમાં પોલિયોનો ભોગ બનેલા છતાં આત્મવિશ્વાસ ને એવી જ મહત્વકાંક્ષાઓને લીધે ક્યારેય જીવનમાં હાંફ્યા નથી. એટલે કે નાનપણથી જ ઉદ્યમી રહ્યા. તેમના આવા ઉદ્યમીપણાની નોંધ લેતા રઘુવીર ચૌધરી કહે છે કે " પગની ખોડ આવી તેથી એમની કાળજી ઘણી લેવાતી પણ તેથી બેઠાડું ન થઈ ગયા. લખોટી જીતતા, પતંગ બનાવીને વેચતા."[૨] જીવન સંઘર્ષો સામે ઝઝૂમવાનો ગુણ તેમનામાં બાળપણથી જ હતો જે જીવનના આખર સુધી જળવાયેલો રહ્યો.

## શિક્ષણ અને સાહિત્યિક ઘડતર :

માતા-પિતા પાસેથી મળેલ જીવન ઘડતરનાં પાઠ શિક્ષણ અને સાહિત્ય રુચિ ઘડવામાં મહત્ત્વનાં બની રહ્યા છે. શાળાકીય શિક્ષણ જોઈએ તો ત્રણ ધોરણ સુધીનો અભ્યાસ પાટડીમાં કર્યો અને ત્યારબાદ વડોદરામાં શિક્ષણ લીધું હતું. લાભશંકર ઠાકર, કિરીટભાઈ જેવા સહાધ્યાયીઓ તેમણે મળ્યા. કિરીટભાઈ પણ અભ્યાસમાં તેજસ્વી હતા, બંને વચ્ચે ગાઢ મૈત્રીના પરિણામે અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ પ્રથમ આવે એવા હેતુથી કિરીટભાઈએ પરીક્ષા આપી ન હતી. શાળામાં હંમેશા પ્રથમ નંબર લાવતા. ગણિત જેવા વિષય પ્રત્યે પણ તેમની પકડ મજબૂત હતી. ભણીને ડૉક્ટર બનવાની અભિલાષા હતી પરંતુ આર્થિક પરિસ્થિતિ એટલી સારી ન હતી કે તેઓ ડૉક્ટર બનવા આગળ ભણી શકે, આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાને લીધે તેઓ ટ્યુશન કરાવતા, સારા માર્કસ સાથે મેટ્રિક પાસ કરીને આર્ટ્સમાં અભ્યાસ માટે પ્રવૃત્ત થયેલા.

અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનું શાળાકીય શિક્ષણ અને યુનિવર્સિટીનું શિક્ષણ વડોદરામાં થયેલું. તેમના શિક્ષણને લઈને વડોદરા સાથે તેમનો ખાસ્સો નાતો રહ્યો છે. અભ્યાસ માટે છાત્રાલયમાં રહેલા, પિતા ગૃહપતિ હતા. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ ભણવામાં તેજસ્વી હતાં. ઈ.સ. ૧૯૫૮ માં તેમણે ગુજરાતી અને સંસ્કૃત વિષય સાથે બી. એ. નો અભ્યાસ કર્યો હતો. બી. એ. માં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થઈ સુવર્ણચંદ્રક

પ્રાપ્ત કર્યો  હતો. એવી જ રીતે એમ.એ. માં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થઈ મટુભાઈ કાંટાવાળા સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો હતો. તેમની શૈક્ષણિક કારકિર્દી સફળ રહી હતી. એમ.એસ. યુનિવર્સિટી વડોદરાના ગુજરાતી વિભાગમાં એક તેજસ્વી વિદ્યાર્થી તરીકે સૌના જાણીતા અને માનીતા બનેલા. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની સાહિત્યિક પ્રવૃત્તિ માટે વડોદરા સાથેનો નાતો ખૂબ મહત્ત્વનો બની રહ્યો છે. વડોદરામાં સાહિત્યિક વાતાવરણ તેમણે મળ્યું હતું.  સુરેશ જોષી જેવા સાહિત્ય ગુરુનું સાનિધ્ય પણ તેમની સાહિત્ય યાત્રાને પોષવામાં અગત્યનું તો કહી જ શકાય. જ્યારે તેઓ એમ.એસ. યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં એ સમય દરમ્યાન સુરેશ જોષી અને તેમના મિત્રો દ્વારા 'ક્ષિતિજ' સામયિક શરૂ થાય છે. ભોગીલાલ ગાંધીને ત્યાં 'સમીક્ષા' બેઠકો થતી જેમાં સાહિત્ય ચર્ચાઓ થતી. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ તેમાં સક્રિય રહ્યા હતા. આધુનિકયુગના જાણીતા સર્જક-વિવેચક સુરેશ જોષી અને અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ વચ્ચે ગુરુ-શિષ્યનો સંબંધ હતો. એક ગુરુ તરીકે સુરેશ જોષીએ વિદ્યાર્થી અનિરુદ્ધ માટે કહેલી વાત સુમન શાહે નોંધી છે. સુરેશ જોશી કહે છે, " પ્રથમવાર મેં એમને મારા વર્ગમાં એક તેજસ્વી વિદ્યાર્થી તરીકે જોયા. સંસ્કૃત અલંકારશાસ્ત્ર શીખવતા હું કશુંક ચૂકી જાઉં તો તેઓ તરત યાદ દેવડાવે, પછી એવા શિષ્યો બહુ મળ્યા નથી. તેજસ્વીતા જેવા ગુણો તેમનામાં હતાં તેનો ખ્યાલ સુરેશ જોષીના વિધાનમાં આવે છે. વિદ્યાર્થી તરીકેની ઉજ્જ્વળ કારકિર્દી પૂરી કરીને એમણે વડોદરા છોડ્યું, એ ગાળો મારે માટે વિક્ષોભકર અને વિટંબણાભર્યો હતો, એમાં એક તેજસ્વી વિદ્યાર્થીને કારણે મને બહું ધરપત મળી."[૩] એક વિદ્યાર્થી તરીકે અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની મહત્તા સુરેશ જોષીએ પણ સ્વીકારેલી. તેમની પ્રતિભા કોલેજના અભ્યાસકાળ દરમ્યાન વધુ ખીલી હોવાનો ખ્યાલ આવે છે. ગુલામ મોહમ્મદ શેખ, મધુકર શાહ, દામોદર બલર, ભૂપેન ખખ્ખર જેવા અનેક મિત્રો મળ્યા. આવા મિત્રોનો સારો એવો સહયોગ અનિરુદ્ધ બ્રહ્મભટ્ટને રહ્યો હતો.

## આંતર-બાહ્ય વ્યક્તિત્વ :

યોગેશ જોષીનો અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ સાથે ખાસો એવો નાતો રહ્યો છે. યોગેશ જોષીએ અનિરુદ્ધ બ્રહ્મભટ્ટને નજીકથી જોયા ને જાણ્યા છે. તેથી તેમના જ એક વિધાન દ્વારા અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનાં  બાહ્ય દેખાવનો પરિચય મેળવીએ. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનાં બાહ્ય દેખાવનું વર્ણન કરતાં યોગેશ જોષીએ નોંધ્યું છે કે " આછો શ્યામવર્ણ, લગભગ પાંચ પોઈન્ટ નવ ફૂટ ઊંચાઈ, પણ પોલિયોની ખોડના કારણે ઊંચાઈ થોડી ઓછી ભાસે. પોલિયોના કારણે ખોડ રહી ગયેલી પણ લઘુતાગ્રંથિ જરીકે નહિ. લાગણીના ભેજથી ચમકતી મેઘાવી આંખો. જાણે ચુંબકીય બળ ધરાવતો હોય એવો, આત્મશ્રદ્ધાથી રણકતો તાંબા જેવો અવાજ ને વહેતી નદી જેવી વાણી. અનેક સ્વપ્નો તથા જીવન રસથી ભરેલું હદય, છેક બંને લમણા સુધી પહોંચતી,

કમાનાકાર, પૂર્ણ ભમ્મરો. કશું વાંચતાં હોય ત્યારે અવારનવાર હોઠ પર મધુર સ્મિત છલકાતું જાય ને ક્યારેક ક્યારેક આંખો ચમકી ઊઠે ને ભમ્મરો જરી ઊંચકાય."[૪] અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનો અવાજ પણ નોખો તરી આવે એવો હતો આથી તેઓ તેમના અવાજથી પણ જાણીતા બનેલા અને અવાજને લીધે આકર્ષણનું કેન્દ્ર પણ બનેલા. તેમના અવાજ વિશે અનેક વિદ્વાનોએ તેમના મંતવ્યો આપ્યા છે. ચંદ્રકાન્ત શેઠ કહે છે કે " અનિરુદ્ધ ભાઈને મેં અવાજથી પરખેલા. વાગ્રસથી દીપ્ત એમનો એ અવાજ"[૫] તો ઉમાશંકરે પણ તેમના અવાજની પ્રશંસા કરતા નોંધ્યું છે કે "અનિરુદ્ધના અવાજમાં મધુરતા અને સાથે જ બળકટતા જોવા મળતા. વાગ્ધારામાં શબ્દાડંબર નહીં પણ વિચારદ્રવનો અનુભવ થતો. એક વિશાળી સંસ્કારિતાનો સંસ્પર્શ સાંભળનારને થતો"[૬] તો કૃષ્ણવીર દીક્ષિત નોંધે છે કે "અનિરુદ્ધનું વ્યક્તિત્વ સાચે જ ઘણું સમૃદ્ધ હતું, પોતે પ્રાધ્યાપક હતા તે કારણે નહિ, પરંતુ વકૃત્વકળા પોતાને સિદ્ધ હતી તે કારણે સાંભળવા અત્યંત ગમે એવા વક્તા હતા. શ્રોતા તલ્લીન થઈ શકે એવી વકૃત્વછટા અને શ્રવણરુચિર અવાજ તો ખરાં જ, તે સાથે સાથે વક્તવ્યમાં વાંચન મનનો નિષ્કર્ષ એવો વ્યવસ્થિત રીતે ગોઠવાઈ ચૂક્યો હોય કે વક્તવ્યનો આરંભ કર્યા પછી અનિરુદ્ધને કોઈ પ્રસ્તુત સંદર્ભ યાદ કરવા પૂરતું ક્ષણ માટે પણ અટકવું પડ્યું હોય એવું ક્યારેય બન્યું નથી"[૭] તો તેમની અસ્ખલિત વાણી પ્રવાહ વિશે ડૉ. ભગીરથ બ્રહ્મભટ્ટે એક વ્યાખ્યાનમાં કહ્યું હતું કે "અનિરુદ્ધભાઈ અમદાવાદના ભાષા-ભવનમાં 'કુંવરબાઈનું મામેરું' ભણાવતા ત્યારે એમનો રણકદાર અવાજ ભવનમાં રણઝણે."[૮] મધુસૂદન પારેખે અનિરુદ્ધ બ્રહ્મભટ્ટને અંજલિ આપતા તેમનાં અવાજ સંદર્ભે નોંધ્યું છે કે " અનિરુદ્ધને વાણીનું વરદાન હતું. વિશાળ જનસમુદાયને પોતાના અસ્ખલિત વાક્ પ્રવાહમાં ખેંચી જવાની અનોખી શક્તિ હતી. વક્તા તરીકે હંમેશા તેમની માંગ રહેતી. અને શ્રોતાઓ કદી એમનાથી નિરાશ થતા નહિ."[૯] આમ ઉપરોક્ત અનેક ગુજરાતી સાહિત્યકારોએ અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની રૂપેરી વાણીને પ્રમાણી છે. તેમની વાણી પણ તેમનાં વ્યક્તિત્વની આગવી વિલક્ષણતા રહી હોવાનો ખ્યાલ આવે છે. વિવિધ કોલેજોમાં અધ્યાપન કાર્ય દરમ્યાન તેમનાં આંતર વ્યક્તિત્વનાં ઋજુ પાસાંઓનો ખ્યાલ આવે છે. વિદ્યાર્થીઓ સાથે મિત્ર જેવો વ્યવહાર રાખતા. નવસારી, બીલીમોરા, સુરતમાં અધ્યાપન દરમ્યાન અનેક વ્યક્તિઓના પરિચયમાં આવ્યા. એમાં ગરીબ હોય કે તવંગર સૌ માટે સમાન પ્રેમ ધરાવનાર અનિરુદ્ધ બ્રહ્મભટ્ટે 'નામરૂપ' રેખાચિત્રોમાં આવા વ્યક્તિઓના વિશેષોનો પરિચય આપ્યો છે. જેમાં પણ તેમનો વ્યક્તિઓ પ્રત્યેનો પ્રેમ ધ્યાનપાત્ર બને છે. વ્યક્તિઓને સહાયક બની મિત્રતાના ભાવે મદદ કરવાની તેમની ભાવના પણ તેમનાં વ્યક્તિત્વનું સબળ પાસું રહ્યું છે. બીલીમોરાના એક પ્રસંગને નોંધી મિત્રોને જમાડવાની તેમની વૃત્તિ અને સેવાભાવી સ્વભાવ પર પ્રકાશ પાડ્યો છે. તેઓ નોંધે છે કે " બીલીમોરા હતા ત્યારે એક દિવસ સખત વરસાદ પડેલો. ઘેરથી

કોલેજ સુધી વાહનમાં જવું પણ મુશ્કેલ, પરંતુ એ ચાલતાં ગયા. આખો ક્લાસ હાજર હતો. પરંતુ ભણાવવાનું શરૂ કરે એ પહેલા તો પાણી ચઢવા લાગ્યું. બહારગામના વિદ્યાર્થીઓને રોકી લીધા અને એ બધાની રસોઈ ઘેર બનાવી."[૧૦] આમ એક સેવાભાવી વ્યક્તિ તરીકે પણ તેમણે યાદ કરવા રહ્યા. ડભોઈ અધ્યાપનકાળ દરમ્યાન સુમન શાહ સાથે ગુરુ-શિષ્ય સંબંધ ઉપરાંત, મૈત્રીનો સંબંધ બંધાયો હતો.

## પ્રકૃતિ અને પુસ્તક પ્રેમ :

અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનો પુસ્તક અને પ્રકૃતિ પ્રેમ વિશેષ રહ્યો છે. પ્રકૃતિમાં ફૂલો, નદી સાથેનો એક આત્મીયતાભર્યો વ્યવહાર રહ્યો છે. રોજિંદા જીવન ઉપરાંત તેમની કવિતાઓમાં પ્રકૃતિના તત્ત્વો તરફનું આકર્ષણ પ્રગટ થયેલું જોવા મળે છે. વિશ્વામિત્રી નદીની કોતરોમાં ફરવાથી માંડીને  વિશ્વામિત્રી નદી કાંઠે બેસીને પર્નોની નાવડીઓ બનાવી તરતી મૂકવી, વૃક્ષો તળે બેસીને વાંચવું, ફૂલો પાસે બેસીને વાંચવું વગેરે પણ પ્રકૃતિ સાથેના લગાવને ચીંધે છે. વાચનના શોખને લીધે પુસ્તકો ખરીદવાની તાલાવેલી હતી. પોતે મધ્યમવર્ગીય પરિવારના હોવાથી પુસ્તકો ગૂર્જરીમાંથી ખરીદી લાવે. ગામડામાં વેકેશન દરમ્યાન જાય ત્યારે પણ પુસ્તકોથી બેગ ભરીને લઈ જાય. આર્થિક મુશ્કેલી હોવા છતાં પુસ્તકો ખરીદી વાંચવા માટેનો ઉત્સાહ અદમ્ય રહ્યો છે. કોલેજમાં રવીન્દ્ર શતાબ્દીના વખતે રવીન્દ્રનાથનાં પુસ્તકો પોતાના પૈસે લાવતા અને વિદ્યાર્થીઓને પુસ્તકો વાંચવા આપતા.ડભોઈની કોલેજમાં અધ્યાપક હતા એ વખતે વિદ્યાર્થીઓ માટે પુસ્તકાલય ઊભું કરેલું. પુસ્તકો પ્રત્યેનો પ્રેમ તેમનાં આવા કાર્યોમાંથી પણ પ્રગટ થાય છે તો પ્રકૃતિ સાથેનો લગાવ તેમની અનેક કવિતાઓમાં અભિવ્યક્ત પામ્યો છે.

## વ્યવસાય અને સાહિત્યયાત્રા :

વડોદરા એમ. એસ. યુનિવર્સિટીમાંથી બી.એ.ની ડિગ્રી પ્રાપ્ત કરી ત્યારે ઉંમર ૨૧ વર્ષની હતી. અને ૨૧ વર્ષની ઉંમરથી જ તેમની કારકિર્દીનો પ્રારંભ થયો. પોતાની પ્રતિભાના બળે નાની વયે સિદ્ધિ હાંસલ કરેલી. ભાઈલાલ કોઠારી ડભોઈ કોલેજમાં આચાર્ય પદે નિમણૂક પામે છે અને અનિરુદ્ધ બ્રહ્મભટ્ટને એક ટેસ્ટ-લેકચર માટે બોલાવે છે. એ વખતે સુમન શાહ એજ કોલેજમાં અભ્યાસ કરતાં હતાં. અનિરુદ્ધ અને સુમન શાહ વચ્ચે ઉંમરમાં ઝાઝો તફાવત ન હતો.  તેમણે નોંધ્યું છે કે " પોતાના ધીર-ગંભીર અને મધુર રણકાવાળા અવાજમાં યુવક અનિરુદ્ધે  અમને સૌને મંત્રમુગ્ધ કરી દીધેલા. અમને એ ભરપુર ગમેલા એક ગુણ પારખું અધ્યાપકનો પોતાના શિષ્યરત્ન પરનો ભરોસો કેવો સાચો પડેલો! "[૧૧] તેમનો મધુર રણકાવાળો અવાજ વિદ્યાર્થીઓના આકર્ષણનું કેન્દ્ર બને છે. આમ આરંભથી જ વિદ્યાર્થી પ્રિય બને છે.

ડભોઈમાં ચારેક વર્ષ અધ્યાપનકાર્ય કરેલું અને ડભોઈમાં રહીને જ એમ.એ.નો અભ્યાસ પૂર્ણ કરેલો. ઈ. સ. ૧૯૬૨ માં તેઓ બીલીમોરા કોલેજમાં અધ્યાપક તરીકે જોડાય છે. એક અધ્યાપક હોવા છતાં વિદ્યાર્થીઓ સાથેનો સંબંધ મૈત્રીપૂર્ણ રહ્યો. વિદ્યાર્થીઓ સાથે સ્વજનની જેમ જ રહ્યા. વિદ્યાર્થીઓના અંગત પ્રશ્નોનું સમાધાન, સલાહ સૂચનો આપતા, અને હંમેશા મદદ કરવાની ભાવના રાખતા, હિતેચ્છું બનીને વિદ્યાર્થીઓની ચિંતા કરતાં, માત્ર અધ્યયનમાં જ રસ ન રાખતા વિદ્યાર્થીઓના પારિવારિક સમસ્યાઓના નિવારણ માટે પણ પ્રયત્નો કરતાં. તેમના આવા આદર્શમયી વ્યક્તિત્વ અને સાહિત્ય તરફની નિષ્ઠા અને સમજણને લીધે વિદ્યાર્થીઓમાં પ્રિય બનીને રહ્યા. ભૂપેશ અધ્વર્યુએ બી.એ. અને એમ.એ.નો અભ્યાસ બીલીમોરાની કોલેજમાં કર્યો હતો. તેમના એક વિદ્યાર્થી તરીકે ભૂપેશ અધ્વર્યુએ નોંધ્યું છે કે " અનિરુદ્ધ આખા વર્ગને સાથે લઈને ચાલતા, સામે પડેલ કૃતિ કે કૃતિ અંશ અંગે કોઈ સુનિશ્ચિત પરિણામ પર પહોંચવા તરફ તેમની ગતિ રહેતી નહીં ને એક સંચાલક લેખે વર્ગના વિદ્યાર્થીઓ સાથે નવા નવા મુદ્દાઓ અને એની આખી શાખા-પ્રશાખાઓનો વિસ્તાર એઓ ઊભા કરતાં. ગુજરાતી વિષયના વર્ગ, વિદ્યાર્થીઓના સંદર્ભમાં, મુખ્યત્વે ઓછામાં ઓછું, સુસ્ત હોય છે એટલે આમ કરવામાં પણ સૌથી વધુ સક્રિય રહીને કૃતિના ઉઘાડ અને વિસ્તારનું મુખ્ય વહન એમણે જ કરવાનું રહેતું. તેમ છતાં અનિરુદ્ધના વિવિધ તાસમાંથી સૌથી વધુ આનંદદાયક તાસ આજ રહેતા, એમનામાનો શિક્ષક, વિવેચક અને તજજ્ઞ ત્રણે એમાં ખીલતા."[૧૨] ભૂપેશના આ વિધાનમાં અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની અધ્યયન પ્રતિભાનો ખ્યાલ આવે છે.બીલીમોરા કોલેજમાં અધ્યાપન સમય પણ તેમણે માટે વિશેષ મહત્ત્વનો બની રહ્યો છે. આજ ગાળા દરમ્યાન તેમની સાહિત્ય યાત્રા વધુ વેગવંતી બને છે. અતુલ રાવલ નોંધે છે કે " વર્ષના પહેલા પ્રવચને જ અમને મુગ્ધ બનાવી દીધેલાં. એમના વિશિષ્ટ અવાજથી શ્રોતાઓ ઉપર ભૂરકી નાંખતા અને બધા જ શ્રોતાઓ એમની વાણીના પ્રવાહમાં મુગ્ધ બનીને ઘસડાયે જ જતા હોય. કોઈ પણ મુદ્દાનું પગેરું શોધતાં શોધતાં ખૂબ દુર પહોંચી જાય અને ત્યાંથી વાતની શરૂઆત કરે. અનિરુદ્ધભાઈ પાસેથી એરિસ્ટોટલ કે સોક્રેટિસ ભણ્યાનું ક્યારેય નહીં ભૂલાય. મને યાદ છે કે દર્શકકૃત 'સોક્રેટિસ' ભણાવતાં છેક એરિસ્ટોટલ સુધી પહોંચી જાય અને તુલનાત્મક સાહિત્ય ભણાવતાં છેક વિશ્વસાહિત્યના મૂળ સુધી પહોંચી જતાં. અનિરુદ્ધભાઈ પાસે સંબંધની એક અનોખી પોતીકી કળા હતી. વિદ્યાર્થી એમનાં સંસર્ગમાં હૂંફનો અનુભવ કરી શકતો. આંખ સામેની વ્યક્તિ નિકટતમ તાદાત્મ્ય અનુભવી શકતી. વિદ્યાર્થી કે વ્યક્તિનું તેઓ તરત હૃદય સંપાદન કરી લેતાં. તેઓ દરેકને નામથી ઓળખતા ! વર્ગમાં એમની આંખ વારાફરતી વિદ્યાર્થીઓ ઉપર ઠરતી. અનિરુદ્ધભાઈ આખા વર્ગને એક સાથે લઈને ચાલતા હોય."[૧૩] એક અધ્યાપક તરીકે વર્ગમાં અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનો વિદ્યાર્થીઓ તરફનો દ્રષ્ટિકોણ અને ભણાવવાની પદ્ધત્તિનો ખ્યાલ આવે છે.

ઈ.સ.૧૯૬૨ માં બીલીમોરાની કોલેજમાં અધ્યાપક તરીકે જોડાય છે. સુરેશ જોષીની પ્રતિભામાંથી બહાર આવીને તેમની સ્વપ્રતિભાને ખિલવવાનો પ્રયત્ન આ સમય દરમ્યાન થયો હતો. ભોગીલાલ સાંડેસરાએ સુરેશ જોષીની પ્રતિભાના છાયામાંથી મુક્ત થવા મથતી અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની પ્રતિભાને અનુભવી છે જે તેમનાં એક વિધાનમાં સ્પષ્ટ થાય છે. તેઓ નોંધે છે કે "આત્મવિકાસનો ઉષાકાળ સુરેશ પ્રતિભાની છાયામાંથી સ્વ-પ્રતિભાનો વિકાસપંથ. આત્મવિશ્વાસથી આગળ વધતાં ગયાં"[૧૪] ઈ.સ. ૧૯૬૭-૬૮ માં તેઓ 'જન્મભૂમિ' દૈનિકમાં 'અલપ ઝલપ' કોલમમાં લેખો લખતા. 'સંદેશ'માં 'સાહિત્ય અને સંસ્કાર' નામની અને 'મુંબઈ સમાચાર' માં 'ચલ મન વાટે ઘાટે' નામની કોલમ લખીને પોતાની સાહિત્ય પ્રવૃત્તિને વેગવંતી રાખી હતી. આ ઉપરાંત 'વિશ્વમાનવ' સામયિકના સાહિત્ય વિભાગના સંપાદક તરીકેની કામગીરી કરી અને મહત્ત્વનાં વિશેષાંક આપેલા. ઈ. સ. ૧૯૬૯ માં 'એરિસ્ટોટલનું કાવ્યશાસ્ત્ર' અનુવાદ આપી પ્રથમ વાર ગુજરાતીમાં અનુવાદ કરી આપવાનું ભગીરથ કાર્ય કર્યું છે. 'ઝવેરચંદ મેઘાણી' (૧૯૬૯), 'અન્વીક્ષા' (૧૯૭૦) જેવા ગ્રંથો આપી તેમની પ્રતિભાનો પરિચય આપ્યો છે. આ ગાળા દરમ્યાન એક મહત્ત્વની બાબત એ નોંધવા જેવી છે કે કોઈ એક સાહિત્ય સ્વરૂપના ક્ષેત્રને જ પકડીને ચાલ્યા નથી. પરંતુ વિવેચન, સંપાદન, અનુવાદ જેવી પ્રવૃત્તિઓ સમાંતરે કરતાં રહ્યા. બીલીમોરામાં આઠેક વર્ષ સેવાઓ આપી એ ગાળા દરમ્યાન ગાર્ડા કોલેજ નવસારી અને સુરતની એમ. ટી. બી. કોલેજમાં મુલાકાતી પ્રાધ્યાપક તરીકે સેવાઓ આપી. નવસારી, બીલીમોરા, સુરતમાં અધ્યાપન દરમ્યાન અનેક વ્યક્તિઓના પરિચયમાં આવ્યા. એમાં ગરીબ હોય કે તવંગર સૌ માટે સમાન પ્રેમ ધરાવનાર અનિરુદ્ધ બ્રહ્મભટ્ટે 'નામરૂપ' રેખાચિત્રોમાં આવા વ્યક્તિઓના વિશેષોનો પરિચય આપ્યો છે. જેમાં પણ તેમનો વ્યક્તિઓ પ્રત્યેનો પ્રેમ ધ્યાનપાત્ર બને છે. વ્યક્તિઓને સહાયક બની મિત્રતાના ભાવે મદદ કરવાની તેમની ભાવના પણ તેમનાં વ્યક્તિત્વનું સબળ પાસું રહ્યું છે. કૃષ્ણવીર દીક્ષિતે 'અભિજાત શાસ્વત' શીર્ષક હેઠળ નોંધ્યું છે કે "સરસ વક્તા, વિદ્વાન વિવેચક, કવિતાનાં મર્મજ્ઞ, કાવ્યશાસ્ત્રના અઠંગ અભ્યાસી, વિદ્યાર્થીપ્રિય પ્રાધ્યાપક, સારી એવી સૂઝ ધરાવતા સંપાદક અને આત્માનુરાગી એમ ઘણું ઘણું હતાં પરંતુ એથીય વિશેષ મહત્ત્વની હકીકત એ છે કે તેઓ એકદમ અચ્છા આદમી હતાં. સંવેદનશીલ અને એટલાં જ સમસંવેદનશીલ આદમી હતાં"[૧૫] એક સાહિત્યકાર સાથે એક સારા વ્યક્તિત્વનાં ગુણો તેમનામાં હતાં. જીવનને જોવાની અને સમજવાની દ્રષ્ટિ તેમની પાસે હતી જેના પરિણામ સ્વરૂપે 'ઋષિવાણી' ગ્રંથ પ્રાપ્ત થયો છે.

ઈ.સ.૧૯૭૦ માં બીલીમોરા છોડી અને અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગમાં જોડાયા હતા. મોટા સ્વપ્નાઓ અને મનોરથો સિદ્ધ કરવાની આશાઓ સાથે અમદાવાદ આવે

છે. ભોગીભાઈએ એ સમયના અમદાવાદના વાતાવરણ વિશે નોંધ્યું છે કે " સર્વક્ષેત્રે શિક્ષણથી માંડી સાહિત્ય અને પત્રકારત્વના ક્ષેત્રે આગળ આવવાનો અને ઉપરના સ્થાને ચીટકી રહેવાનો સૌ કોઈનો સંઘર્ષ..! આચારસંહિતાની તો વાત જ શી ? એક બાજુ અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની અકળામણ વધતી ગઈ. બીજી બાજુ, સ્વ બળે આગળ આવવાની અને રહેવાની ભારે ખેવના. વર્ષો વીતતાં ગયા અને સંઘર્ષ વધતો ગયો. નિજના ખાસા ગમા-અણગમા અને સતત માનપાનની ભીંસમાં જાતે ભીંસાતા રહ્યા."[૧૬] અધ્યાપન કાર્ય દરમ્યાન અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનાં જીવનમાં ઘણો સંઘર્ષ રહ્યો છે, જાત મહેનત પર ભરોસો રાખીને સંઘર્ષ કરતાં રહ્યા જેનો ખ્યાલ આવે છે.

**દામ્પત્ય જીવન :**

અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના લગ્ન નલિની તુરખિયા સાથે થયેલા. મુંબઈની વિલ્સન કોલેજમાં ઈ.સ. ૧૯૬૭ માં વ્યાખ્યાન આપવા ગયેલા ત્યાં નલિનીબેન સાથે પ્રથમ મુલાકાત થાય છે અને પ્રેમ સંબંધે જોડાય છે. ઈ.સ. ૧૯૬૮ માં નલિનીબેન સાથે આંતરજ્ઞાતીય પ્રેમલગ્ન કરે છે. જેમ અનિરુદ્ધ સાહિત્યમાં રુચિ ધરાવતા એમ નલિનીબેન પણ સાહિત્યમાં રુચિ ધરાવતા હતાં. તેમણે ત્રણ સંતાનો મેઘા, ઋચા અને અપૂર્વ. ૧૯ મી જુલાઈ ૧૯૬૯ માં પ્રથમ પુત્રી મેઘાનો જન્મ, ૨૯ મી ડિસેમ્બર ૧૯૭૨ માં પુત્રી ઋચાનો જન્મ અને સૌથી નાના અપૂર્વનો જન્મ ૧૦ મી ઓગષ્ટ ૧૯૭૪ માં થયો હતો. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટને સંતાનો પ્રત્યે અપાર પ્રેમ હતો. બાળકોની જિદ્દ પૂરી કરવા પાછળ પણ તેમનો બાળકો પ્રત્યેનો પ્રેમ છુપાયેલો છે. ઋચાબેન ચોકલેટ માટે રિસાયા હોય તો નલિનીબહેન અકળાય કે બા ખિજાઈ પણ તેની જિદ્દ અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ પૂરી કરતાં. લગ્ન જીવનના થોડાંક વર્ષોમાં તેઓ લ્યુકેમિયા બીમારીનો ભોગ બનેલા. ચન્દ્રકાન્ત ટોપીવાળા દ્વારા દાહોદમાં આયોજિત એક પરિસંવાદમાં ભાગ લેવા ગયેલા. એ દિવસે ખૂબ તાવ હોવા છતાં વ્યાખ્યાનો સાંભળ્યા હતાં અને પોતાનું વક્તવ્ય પણ રજૂ કર્યું હતું. એ વખતે લ્યુકેમિયા ( બ્લડ કેન્સર) નાં લક્ષણો જણાયા હતાં. તેમનાં મિત્ર ડૉ. દામોદર બલરને આ રોગ વિશે શંકા થતાં વધુ તપાસ માટે અનિરુદ્ધને મુંબઈ મોકલવામાં આવ્યા હતાં. ત્યાં તેમણે લ્યુકેમિયા રોગ લાગુ પડ્યો હોવાનું જાણવા મળેલું. એ વખતે ઉંમર તો માત્ર ૩૮ વર્ષની. તેમનાં ત્રણ સંતાનો પણ નાના હતાં. જીવનમાં આવી કપરી સ્થિતિમાં તેઓ મુકાય છે. નલિનીબેનની ઉંમર પણ ત્રીસેક વર્ષની, તેઓ પોતાના રોગ વિશે નલિનીબેનને જણાવતા અચકાયા ન હતાં. લગ્નનાં સાતેક વર્ષ થયેલા ! શિક્ષિકાની નોકરી કરવાની સાથે નલિનીબહેન ઉપર નાનાં નાનાં ત્રણ સંતાનો, સાસુ અને ઘરની જવાબદારીઓનો અને તેમનું ધ્યાન રાખવાનો ભાર તો હતો જ અને હવે પતિના આવનાર મૃત્યુનો સામનો કરવાનો, પરંતુ આવી પરિસ્થિતિનો સામનો

બહાદુરીથી કર્યો, બધો ભાર શાંતિથી ઉઠાવ્યો, પોતાની યથાશક્તિથી પતિને સાથ આપ્યો. એ રીતે નલિનીબેન પણ ખરાં અર્થમાં અર્ધાંગિની બની રહ્યા.

આડત્રીસ વર્ષની વયે થયેલા આ રોગ સામે સતત ઝઝૂમતા રહ્યા, લડતા રહ્યા. આવા કપરા સમયમાં ક્યારેય હિંમત નહોતા હાર્યા. અંતિમ ક્ષણ સુધી લડી લેવાની હિંમત અને દ્રઢ મનોબળ ધરાવતા અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ છ વર્ષ સુધી મોતને હંફાવતા રહ્યા. નબળા મનનો મનુષ્ય હોય તો હતાશ થઈ જાય, ભાંગી પડે, અંધશ્રદ્ધા તરફ વળે પરંતુ તેઓ સતત તેના ઉપચાર માટે નવી નવી જાણકારી મેળવતા રહ્યા અને ઝઝૂમતા રહ્યા. આ ઉપરાંત આધ્યાત્મિક ગ્રંથો ગીતા, ઉપનિષદ વગેરેનો અભ્યાસ અને જગતના ધર્મો વિશેનો અભ્યાસ કર્યો જેના પરિણામ સ્વરૂપે 'ઋષિવાણી' ગ્રંથ મળ્યો છે. પૂજા પાઠ, જપ-તપ કે બાધાઓ પણ રાખતા ન હતા. તે પોતાની બુદ્ધિથી કર્મ કર્યે જતાં આથી  ગીતાના સાચા અર્થમાં "કર્મયોગી બની રહ્યા"[૧૭] એમ યોગેશ જોષી કહે છે. સંસ્કૃત સાહિત્ય તો વારસામાં મળ્યું હતું પરંતુ આ સમયગાળા દરમ્યાન તેમનું આધ્યાત્મિક વાંચન વિશેષ રહ્યું છે. જે 'ઋષિવાણી' ગ્રંથમાં સ્પષ્ટ દેખાય છે. 'ઋષિવાણી' માં તેમનું આધ્યાત્મિક ચિંતન પ્રગટ થયું છે. ઈ. સ. ૧૯૭૬ માં 'ભૂમિકા' સામયિકનું સંપાદન આરંભે છે. પોતાની તબિયત સારી ન હોવા છતાં સાહિત્યિક કામો કરવાના તેમનાં મનોરથોનો ખ્યાલ આવે છે. હોમિયોપેથી, આયર્વેદ, નેચરોપેથી બધા ઇલાજો અજમાવતા, બારમાસીના ફૂલોમાંથી આ રોગની દવા બને છે એવું જાણતા એમાંથી પણ દવા બનાવી ઉપચાર કરતાં. સાથે પોતાના પરિવારનું ધ્યાન રાખતા. પરિવારના ભવિષ્ય વિશેની ચિંતાઓ થયા કરતી. અપૂર્વ નાનો હતો એટલે તેની પણ ચિંતા તેમણે વધુ રહી છે. જેનો ખ્યાલ તેમનાં 'ભગવાન' કાવ્યમાં વિશેષ અનુભવાય છે. પથારીમાં પડ્યા પડ્યા અપૂર્વને હિચકો નાખવાથી માંડીને મેઘાને ગણિત શીખવવું વગેરે કરતાં રહીને એક પિતાની ફરજ બને એટલી નિભાવી છે. પોતાની માંદગીથી બીજા પરેશાન ન થાય તેનુંય ધ્યાન રાખતાં. પોતાની ગંભીર બીમારી વિશે બા ને જણાવતા નહિ. પરંતુ બા આ ગંભીર બીમારી વિશે જાણે તો આવનાર પોતાના મૃત્યુ માટે તૈયાર થાય અને આઘાત જીરવી શકે એવી ઈચ્છા હતી. આ સાહિત્યયાત્રાના પ્રવાસીએ જીવનના છેલ્લા દિવસો સુધી લખતા રહેવાના ઉદ્યમો કર્યા. સમયને બિલકુલ ન વેડફવાની તેમની ઝંખના હતી, હાડકાંના અંદરના દુખાવાની અસહ્ય પીડા છતાંય એવી અસહ્ય પીડા વેઠી લેતા, રાત્રે કફ પણ જોરથી ન કાઢે રખેને નલિની કે બા જાગી જાય. પોતાની પીડાથી બને એટલા પરિવારને કષ્ટ ન પડે એનું ધ્યાન રાખતાં. તેમનાં અંતિમ દિવસોનાં સાક્ષી એવા ડૉ. યોગેશ જોશીએ નોંધ્યું છે કે " વાળ આછા અને સાવ સફેદ થઈ ગયેલા. ચામડીનો રંગ બદલાઈ ગયેલો. લોહીમાં શ્વેતકણોની સંખ્યા સતત વધતી ગયેલી. હાડકે હાડકાંના પોલાણમાં, જ્યાં શ્વેતકણો ઉત્પન થાય છે ત્યાં અસહ્ય-ભયંકર પીડા થતી હતી. આંખોનું તેજ સાવ ઝાંખું

થઈ ગયેલું. કાનેથી હવે બરાબર સંભળાતું ન હતું. હોલવાતી જતી શગ સંકોરીએ એમ તેઓ આત્મબળે ઇન્દ્રિયોને સંકોરવા મથે. હજી આ ઇન્દ્રિયો પાસેથી કેટલું કામ લઈ શકાશે એનુંય ગણિત માંડતા. બીજી ઇન્દ્રિયોના પ્રમાણમાં અવાજ હજી સાવ ક્ષીણ નહોતો થયો. અવાજ હજી સારો હતો છતાં તેઓ કહેતા – 'મારો અવાજ હવે પહેલા જેવો રહ્યો નથી."[૧૮] જીવનના અંતિમ દિવસો સુધી કહેતા રહેલા કે 'એમ તો હું હજી મચક આપું એવો નથી'. આખરે ૩૧ જુલાઇ ૧૯૮૧ ના રોજ આ અભિજાત શાશ્વતે વિદાય લીધી.

ગુજરાતી સાહિત્યનાં અનેકો સાહિત્યવિદોએ ભાવભીની અંજલિ આપી છે. જેમાં અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના વ્યક્તિત્વના સવિશેષ ગુણો પ્રગટ થયા છે. રઘુવીર ચૌધરી નોંધે છે કે " અનિરુદ્ધ એમના આત્મા અને અવાજના બળે જીવતા નલિનીબહેન એમની મૌન તપસ્યા દ્વારા."[૧૯] તો પ્રકાશ શાહે જનસત્તામાં નોંધ્યું છે કે " મૃત્યુ સાથે એમણે જે જીવનભર માયા બાંધી જાણી તે વિરલ હતી."[૨૦] હરીન્દ્ર દેવએ આંતરજીવનને સમૃદ્ધ કરીને જીવનાર વ્યક્તિ તરીકે અનિરૂદ્ધભાઈને એક દાખલા રૂપ ગણાવ્યા છે. તેઓ નોંધે છે કે " એક વ્યક્તિ બહારના જીવનમાંથી પોતાના અસ્તિત્વને સંકેલી આંતર જીવનને કેટલી હદે સમૃદ્ધ કરી શકે એ જાણવા ઈચ્છનારે અનિરુદ્ધના આયુષ્યના છેલ્લા વરસોને જોઈ જવા."[૨૧] તો સુરેશ જોષીએ આપેલી અંજલિમાં જીવનના અંતિમ દિવસો સુધી કાર્યરત રહેનાર અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની અંતિમ વિદાયનો વસવસો વ્યક્ત થયો છે. સુરેશ જોષીએ નોંધ્યું છે કે " લાખ બહાના કાઢીને પ્રમાદને પંપાળતા રહેનારા ક્યાં અને મરણ નિશ્ચિત છે એમ જાણવા છતાં કાર્યરત રહેનાર અનિરુદ્ધ ક્યાં !"[૨૨] કાર્ય પ્રત્યેનો તેમનો લગાવ કેવો પ્રબળ હતો એ સુરેશ જોષીના આ વિધાનમાં સ્પષ્ટ થાય છે. એમના સમયમાં તેમની જે નામના બંધાયેલી તેનો ખ્યાલ પણ સુરેશ જોશીના એક વિધાન દ્વારા મેળવીએ, "અનિરુદ્ધ ભાઈએ ૧૯૬૦ ની આસપાસ સાહિત્ય કારકિર્દીનાં બીજ રોપ્યા હતાં. છોડ પાંગરતો હતો. મોર બેઠો હતો. પરંતુ હજુ ફળ લચકે એ પહેલાં જ હિમ તાટક્યું ! એમના જવાથી સાહિત્યક્ષેત્રે એક આશા અસ્ત પામી છે અને શિક્ષણ ક્ષેત્રે એક સિદ્ધિ સમાપ્ત થઈ છે."[૨૩] અનિરુદ્ધ બ્રહ્મભટ્ટમાં સાહિત્ય પ્રત્યેની લગની હતી, એક સારા શિક્ષકની ક્ષમતાઓ તેમનામાં હતી એ સુરેશ જોશીએ અનુભવેલી જેને પણ આ અવસરે રજૂ કરી છે. તેમનાં અંતિમ દિવસોને યાદ કરતાં યોગેશ જોષી કહે છે કે " મળવા જાઓ તો આવી માંદગીમાં પણ પોતે માંદા છે જ નહીં એ રીતે બેસે, બોલે, વર્તે. પોતાની વેદનાનો ભાર કોઈ જ રીતે કોઈ ઉપર પડવા જ ન દે. છેલ્લા વર્ષોમાં તો મૃત્યુની સંભાવના નહીં, મૃત્યુની હકીકત સ્વીકારની ભૂમિકાએ એ જીવ્યા. 'જીવ્યા' કરતાં કોઈક બીજા વધુ પ્રબળ ક્રિયાપદનો ઉપયોગ એ ભૂમિકાને યથાર્થ વર્ણવી શકે. છેલ્લા મહિનામાં કવિ પ્રહલાદ પારેખના એક ગીતનો પ્રતિભાવ એમણે શબ્દાંકિત

કર્યો છે તે એમના ચિત્તની સમાહિત દશાનો કાંઈક ખ્યાલ આપે છે."[૨૪] ઉશનસ્ કહે છે કે "હવે અનિરુદ્ધનો અવાજ મૃત્યુ વડે અવરુદ્ધ થઈ ગયો છે. મૃત્યુનેય સાંભળવા ઊભા રહેવું ગમે તેવો તે અવાજ હશે. એટલે તો મૃત્યુય સાતેક વર્ષ અદબ રાખીને બહાર ઊભું હતું."[૨૫] ઉપરોક્ત અંજલિઓમાં અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનું વ્યક્તિત્વ અને મૃત્યુ સામે સતત લડતા રહેવાનું આત્મબળ હતું તે સ્પષ્ટ થાય છે. તેમના અલ્પ જીવનમાં જેટલું સાહિત્ય સર્જન કર્યું, સત્વશીલ સર્જન કર્યું પરંતુ અલ્પ આયુમાં તેમની યાત્રા સતત નવું કરવા ઝંખતી રહી હોવાનો પણ ખ્યાલ આવે છે. ઉમાશંકર જોશી, સુરેશ જોષી, પ્રકાશ શાહ, ધીરુભાઈ પરીખ, ઉશનસ્, કૃષ્ણવીર દીક્ષિત. રઘુવીર ચૌધરી વગેરેએ અંજલિ રૂપે તેમનાં કાર્ય અને વ્યક્તિત્વના ઉમદા ગુણોનો આલેખ આપી ભાવાંજલિ અર્પીને અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના કાર્યને બિરદાવ્યું છે. અલ્પઆયુમાં કરેલી સાહિત્યની સેવા સ્મરણીય બની રહે તેવી છે જો અલ્પાયુમાં તેમનાં જીવનનો સૂરજ આથમ્યો ન હોત તો તેમની પાસેથી ઘણું સાહિત્ય પ્રાપ્ત થયું હોત.

" અસ્થિવિસર્જન પછી લખાયેલું" શીર્ષક હેઠળ યોગેશ જોશીએ લખેલું કાવ્ય

ના, અનિરુદ્ધભાઈ, તમારું નહિ,

અવસાન તો થયું છે –

અમારી શ્રદ્ધાનું, પ્રાર્થનાઓનું;

ખખડી ગયેલા ઈશ્વરનું .

જાણું છું, અનિરુદ્ધભાઈ ;

મારો આ આક્રોશ તમને નહિ ગમે.

એથી જ તો

સરસ્વતીના જળમાંથી

એકાદ ખોબો ભર્યો તો ત્યાં તો તમે.

દર્શન દીધાં હતાં વાદળોને સ્હેજ ખસેડીને .

અને તમે જ તો

અમારા પર થોડોક કેસરી તડકો છાંટીને

ફરી પાછી પ્રગટાવી હતી શ્રદ્ધા

ને એકાદ ક્ષણ દેખાડ્યું હતું-

શ્રીકૃષ્ણના  અવાજનું અંજવાળું

એ ક્ષણ મેં જોઈ હતી –

સરસ્વતીના જળમાં

તમારી આંખોની ચમક."[૨૬]

કવિ શ્રી યોગેશ જોષીએ ઉપરોક્ત કાવ્ય દ્વારા ભાવભીની અંજલિ આપી છે.

આમ જીવન સંઘર્ષો સાથે સાહિત્યની સેવા કરનાર અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનું જીવન વિરલ હતું.

## પાદટીપ :


૧. 'અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ', યોગેશ જોષી, સં. પ્રફુલ રાવલ, પ્રકાશક : કૃતિ ટ્રસ્ટ, વીરમગામ, પ્ર.આ.૨૦૦૩, પૃ.૦૪

૨. 'તિલક કરે રઘુવીર-૧', રઘુવીર ચૌધરી, રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ, પ્ર. આ. ૧૯૯૮, પૃ.૧૦

૩. 'યોગેશ જોષીની સાહિત્યસૃષ્ટિ',ભીખાભાઈ પટેલ, પાર્શ્વ પબ્લિકેશન,અમદાવાદ, પ્ર.આ.૨૦૧૩, પૃ.૮૮

૪. 'સ્મરણરેખ', સં. હર્ષદ ત્રિવેદી, ગુજરાત સાહિત્ય અકાદમી, પ્ર. આ. ૧૯૯૭, પૃ. ૧૮

૫. 'સાસ્વત વંદના', ચંદ્રકાન્ત શેઠ, આર. આર. શેઠની કંપની, અમદાવાદ, પ્ર. આ. ૨૦૦૯, પૃ.૨૧૫

૬. 'સંસ્કૃતિ', જૂન- ૧૯૮૧, પૃ. ૫૮૬

૭. 'ઋષિતર્પણ',કૃષ્ણવીર દીક્ષિત, પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર. આ. ૧૯૯૫, પૃ.૦૭

૮. ઓમ કોમ્યુનિકેશન આયોજીત સેમિનાર, નવેમ્બર ૨૦૧૪ ( સંદર્ભ. Online)

૯. 'બુદ્ધિપ્રકાશ', ઓગસ્ટ ૧૯૮૧, પૃ. ૩૦૯

૧૦. 'તિલક કરે રઘુવીર-૧', રઘુવીર ચૌધરી, રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ, પ્ર. આ. ૧૯૯૮, પૃ.૧૦

૧૧. 'સાહિત્ય સાહિત્ય', સુમન શાહ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર. આ. ૨૦૧૫, પૃ. ૧૨૦

૧૨. 'સંસ્કૃતિ', જુલાઈ- ઓગષ્ટ ૧૯૮૧, પૃ. ૬૩૫

૧૩. 'વિશ્વમાનવ', સપ્ટેમ્બર ૧૯૮૧, પૃ. ૩૯૭

૧૪. 'ઋષિવાણી', અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, બાલગોવિંદ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ, પ્ર. આ. ૧૯૮૨, પૃ.૧૩

૧૫. 'ઋષિતર્પણ', કૃષ્ણવીર દીક્ષિત, પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર. આ. ૧૯૯૫, પૃ.૦૯

૧૬. 'ઋષિવાણી', અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, બાલગોવિંદ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ, પ્ર. આ.૧૯૮૨, પૃ. ૧૩

૧૭. 'અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ', યોગેશ જોષી, સં. પ્રફુલ રાવલ, પ્રકાશક : કૃતિ ટ્રસ્ટ, વીરમગામ, પ્ર.આ. ૨000 પૃ. ૦૭

૧૮. એજન. પૃ. ૧૩

૧૯. 'તિલક કરે રઘુવીર-૧', રઘુવીર ચૌધરી, રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ, પ્ર. આ. ૧૯૯૮, પૃ. ૦૯

૨૦. એજન. પૃ. ૦૯

૨૧. એજન. પૃ. ૦૯

૨૨. એજન પૃ. ૦૯

૨૩. 'સંસ્કૃતિ', એપ્રિલ-જૂન ૧૯૮૧, પૃ. ૫૮૬

૨૪. 'અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ', યોગેશ જોષી, સં. પ્રફુલ રાવલ, પ્રકાશક : કૃતિ ટ્રસ્ટ, વીરમગામ, પ્ર. આ. ૨૦૦૩. પૃ. ૧૬

૨૫. એજન. પૃ. ૧૬

૨૬. 'વિશ્વમાનવ', ઓગષ્ટ ૧૯૮૧, પૃ. ૩૪૭